**અમદાવાદ ગ્રામ્યના છઠ્ઠા એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ જી.ટી.સોલંકી સાહેબશ્રીની કોર્ટમાં, નવરંગપુરા**

**ફોજદારી કેસ નંબર 12360/2026**

**આંક:-**

ફરીયાદ :- શ્રી સરકાર

**// વિરુધ્ધ//**

આરોપી :- નિશા એમ. શેખ

બાબત :- ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૨૨૩ મુજબ

---

**//ચુ કા દો//**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૨૨૩ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જરીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**//હુ ક મ//**

(1) આરોપીને બી.એન.એસ.એસની કલમ ૨૫૨ અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૨૨૩ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપી ને રૂપિયા ૧૫૦૦/- ( શબ્દોમા અંકે એક હજાર પાંચ સો રૂપિયા પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન - ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૪ મી, માહે- માર્ચ , સને- ૨૦૨૬ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : અમદાવાદ

I/C છઠ્ઠા એડી. ચીફ. જ્યુડી. મેજી.
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા